# આપણી વાત

સંકલન : પ્રફુલ્લ રાવલ

## પુસ્તક-પ્રદર્શન

■ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી સિતાંશુ યશશ્ચન્દ્રના અધ્યક્ષસ્થાને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ અને નર્મદ સાહિત્યસભા સુરતના યજમાનપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૦મું જ્ઞાનસત્ર તા. ૧૧-૧૨-૧૩ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ યોજાયું હતું. રાષ્ટ્રપિતા ગાંધીજીની ૧૫૦મી જયંતી અવસરે આ જ્ઞાનસત્રની રચના 'ગાંધીસદન જ્ઞાનસત્ર' રૂપે કરવામાં આવી હતી. જ્ઞાનસત્રના ઉપક્રમે પુસ્તક-પ્રદર્શન અને વેચાણનો એક અલગ વિભાગ પણ રાખવામાં આવ્યો હતો. તેના અનુસંધાને ગ્રંથાલયમંત્રીશ્રી પરીક્ષિત જોશીના આયોજન મુજબ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયના ઉપક્રમે ગાંધીજીનાં અલભ્ય-અદેય પુસ્તકોનું એક પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.

જ્ઞાનસત્ર દરમિયાન તા. ૧૧-૧-૨૦૧૯ના રોજ શ્રી ચંદ્રશેખર કમ્બાર અને શ્રી સિતાંશુ યશશ્ચંદ્રના વરદ હસ્તે પુસ્તક-પ્રદર્શનનું ઉદ્‌ઘાટન થયું અને પુસ્તક-પ્રદર્શન ખુલ્લું મુકાયું. ગાંધીજીનાં પોતાનાં લખેલાં પુસ્તકો, એમના હસ્તાક્ષરવાળું 'હિંદ સ્વરાજ્ય', 'મંગળ પ્રભાત', 'ગામડાંની વહારે', 'સત્યાગ્રહ', 'અહિંસા' જેવાં પુસ્તકોનું અને એમના કેટલાક ફોટાઓ (બાળપણના) પણ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં. આ પુસ્તકોનો સર્વશ્રી ચંદ્રશેખર કમ્બાર, સિતાંશુ યશશ્ચંદ્ર, સી. એમ. જરીવાળા, કશ્યપ મહેતા, પ્રફુલ્લ દેસાઈ, ધર્મેશ ભટ્ટ, પરીક્ષિત જોશી, વસંત જોષી, કમલ વોરા, મહેશ ચંપકલાલ, મકરંદ મહેતા, હસિત મહેતા, હેમન્ત દવે, અમર ભટ્ટ, શૈલેષ પારેખ, રમણ સોની, પ્રવીણ પંડ્યા, શ્રીધર વ્યાસ, જયદેવ શુક્લ, પ્રજ્ઞા વશી, પ્રકાશ ન. શાહ, કાનજી પટેલ, ભરત મહેતા, પીયૂષ ઠક્કર, વિપિન પટેલ, પરસી એન્જિનિયર, રીના શર્મા, મુકુલ ચોકસી, ઈશાન દોશી, હિમાંશી શેલત, દિનકર જોશી, ભીમજી ખાચરિયા, રૂપા શેઠ જેવા ૭૦૦ સાહિત્યકારો, ચાહકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ખબર છે. કોમના શ્રી અમિત રૂપાપરા અને ગુજરાતમિત્રના શ્રી શિવાજી પરાસ્કરે મુલાકાત કરી પુસ્તક-પ્રદર્શનની નોંધ લઈ આ શ્રેણી પ્રસારિત કરી હતી.

■ ગુજરાતી સાહિત્ય પરિષદ-અંતર્ગત ચી. મં. ગ્રંથાલયમાં દર માસની જેમ આ જાન્યુઆરીમાં શ્રી રાજેન્દ્ર શાહના જન્મદિવસ (૨૮-૧) નિમિત્તે 'રાજેન્દ્ર-નિરંજન' યુગનાં પુસ્તકોનું પ્રદર્શન તા. ૧૭થી ૨૮ જાન્યુ. સુધી રાખવામાં આવ્યું હતું. જેનો સાહિત્યરસિકોએ લાભ લીધો હતો.

■ ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શ્રી પુરુષાર્થ શૈક્ષણિક સંકુલ, ભાણવડના સંયુક્ત ઉપક્રમે શ્રી પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા-અંતર્ગત તા. ૨૬-૧-૨૦૧૯ના

રોજ બપોરે ૩-૩૦ કલાકે પુરુષાર્થ શૈક્ષણિક સંકુલ, મુ.પો. ભાણવડ, જિ. દ્વારિકામાં શ્રી ભીમજી ખાચરિયાએ ‘સૌરાષ્ટ્રની ઉજ્જવળ પરંપરા-‘રાધાઅષ્ટમી’ ’ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. અને લોકકલાકારોએ નૃત્ય અને સંગીતની પ્રસ્તુતિ કરી હતી.

■ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત તા. ૮-૧-૨૦૧૯ના રોજ બપોરે ૩-૦૦ કલાકે ‘પરબ’ના તંત્રીશ્રી યોગેશ જોશીએ ગદ્ય અને પદ્ય સાથે જોડાયેલા સાહિત્યના પ્રકારોને ઊંડાણથી સમજવા માટેની ચાવીઓ આપી હતી. જ્યારે બહેનોએ વાર્તાઓ અને કવિતાનું પઠન કર્યું હતું. પારુલ કંદર્પ દેસાઈએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

■ રવીન્દ્ર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ - અંતર્ગત તા. ૯-૧-૨૦૧૯ના રોજ સાંજે ૬-૦૦ કલાકે ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદમાં રવીન્દ્રનાથ ટાગોરલિખિત તૃપ્તિ મિત્રા-દિગ્દર્શિત ‘બહુરૂપી’નું ‘ડાકઘર’ની હિન્દી ટાઇટલ સાથે પ્રસ્તુતિ કરી હતી. પ્રારંભે શ્રી શૈલેષ પારેખે રવીન્દ્રભવન વિશેની ભૂમિકા બાંધી આપી હતી.

❑

**સાહિત્યવૃત્ત મોકલવા માટે ઈમેઈલ આઈડી**

આપની આસપાસ થતી સાહિત્યિક પ્રવૃત્તિઓ, જેમાં આપ ઉપસ્થિત રહ્યા હો, આપે ભાગ લીધો હોય કે પછી આપે આયોજન કર્યું હોય તો એ કાર્યક્રમ વિશેની ટૂંકી નોંધ ઈમેઇલ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી શકો છો. નોંધ જે ફોન્ટમાં કંપોઝ કરી હોય એ ફોન્ટ સાથે અચૂક મોકલવા. એ માટેનું ઈમેઇલ આઈડી છે : vruttparabgsp2018@gmail.com